# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 25-09-2024** **Evening : 7.50 to 8.00**
**Day : Wednesday** **National News**

### આકાશવાણી સમાચાર **રૂપલ જાની** વાંચે છે.

*****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે મહારાષ્ટ્રમાં 22 હજાર 600 કરોડ રૂપિયાથી વધુની વિવિધ યોજનાઓ રાષ્ટ્રને સમર્પિત કરશે.
2) જમ્મુ કાશ્મીર વિધાનસભા ચૂંટણીના બીજા તબક્કા માટે કુલ સરેરાશ 54.11 ટકા મતદાન નોંધાયું.
3) શ્રમ મંત્રાલયના વાર્ષિક શ્રમ દળ સર્વેક્ષણ અનુસાર, દેશમાં બેરોજગારી દરમાં ગયા વર્ષે નોંધપાત્ર ઘટાડો થયો.
4) ચિલીના રાષ્ટ્રપતિએ સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં ભારતના કાયમી સભ્યપદની ભલામણ કરી.
5) મેક ઈન ઈન્ડિયા પહેલને કારણે દેશમાં  ઉત્પાદન, માળખાગત વિકાસ , સંરક્ષણ અને નિકાસ ક્ષેત્રે નોંધપાત્ર સિદ્ધિઓ મળી..
6) ભારતે વર્ષ 2030 સુધી H.I.V. અને એઇડ્સને નાબૂદ કરવા માટે સંયુક્ત રાષ્ટ્રના લક્ષ્યને પ્રાપ્ત કરવા પ્રતિબદ્ધતા દર્શાવી.

*****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

# PM---MAHARASHTRA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે મહારાષ્ટ્રના પુણેમાં 22 હજાર 600 કરોડ રૂપિયાથી વધુ રકમની  વિવિધ યોજનાઓ રાષ્ટ્રને સમર્પિત કરશે.

શ્રી મોદી જિલ્લા અદાલતથી પૂણેના સ્વરગેટ સુધી દોડનારી મેટ્રો ટ્રેનને લીલી ઝંડી આપશે. સુપરકોમ્પ્યુટિંગ ટેક્નોલોજીના ક્ષેત્રમાં ભારતને આત્મનિર્ભર બનાવવાની નેમ સાથે, પ્રધાનમંત્રી લગભગ 130 કરોડ રૂપિયાની  કિમતના ત્રણ PARAM રુદ્ર સુપર કમ્પ્યુટર્સ રાષ્ટ્રને સમર્પિત કરશે, જે રાષ્ટ્રીય સુપરકોમ્પ્યુટિંગ મિશન હેઠળ સ્વદેશીરીતે વિકસિત કરાયા છે.

આ સુપર કમ્પ્યુટર પૂણે, દિલ્હી અને કોલકાતામાં અગ્રણી વૈજ્ઞાનિક સંશોધનનીસુવિધા માટે તહેનાત કરાયા છે. પ્રધાનમંત્રી મોદી 850 કરોડ રૂપિયાના ખર્ચે  હવામાન અને આબોહવા સંશોધન માટે તૈયાર કરાયેલી પરિયોજના હાઈ-પર્ફોર્મન્સ કમ્પ્યુટિંગ સિસ્ટમનું પણ ઉદ્ઘાટન કરશે.

# JK VOTING

જમ્મુ-કાશ્મીર વિધાનસભા ચૂંટણીના બીજા તબક્કા હેઠળ આજે કુલ સરેરાશ 54.11 ટકા મતદાન નોંધાયાના અહેવાલ છે. સૌથી વધુ 71.81 ટકા મતદાન રૈસી જિલ્લામાં નોંધાયું હતું. જ્યારે પૂંચ જિલ્લામાં 71.59 ટકા અને સૌથી ઓછું 27.37 ટકા મતદાન શ્રીનગર જિલ્લામાં થયું હતું.

કેન્દ્રશાસિત પ્રદેશમાં સવારથી જ મતદાન કેન્દ્રો પર મતદારોની લાંબી કતાર જોવા મળી હતી. આ તબક્કામાં 6 જિલ્લાની 26 વિધાનસભા બેઠક માટે ત્રણ હજાર 502 મતદાન કેન્દ્ર બનાવવામાં આવ્યા હતા. આજના મતદાન થકી 239 ઉમેદવારના ભાવિનો ફેંસલો થશે. હવે આગામી ત્રીજા તબક્કાનું મતદાન પહેલી ઑક્ટોબરે થશે. જ્યારે મતગણતરી આઠમી ઑક્ટોબરે થશે.

# UNEMPLOYMENT_RATE

શ્રમ મંત્રાલય દ્વારા બહાર પાડવામાં આવેલા તાજેતરના વાર્ષિક શ્રમ દળ સર્વેક્ષણ અનુસાર, દેશમાં બેરોજગારી દરમાં ગયા વર્ષે નોંધપાત્ર ઘટાડો થયો છે. હરિયાણા જેવા રાજ્યોએ આ દિશામાં નોંધપાત્ર પ્રગતિ કરી છે. હરિયાણા, તમિલનાડુ, છત્તીસગઢ અને મધ્યપ્રદેશમાં બેરોજગારી દરમાં સૌથી વધુ ઘટાડો થયો છે. હરિયાણામાં બેરોજગારીનો દર 2022-23માં 9.2 ટકાથી ઘટીને 2023-24માં 3.4 ટકા થયો છે.

સરવે અહેવાલ અનુસાર, વર્ષ 2023-24માં રાષ્ટ્રીય સરેરાશ બેરોજગારી દર ત્રણ પૂર્ણાંક બે ટકા રહ્યો હતો. આ સમયગાળા દરમિયાન, વર્ષ 2022-23ની સરખામણીમાં પાંચ પૂર્ણાંક એક ટકાનો ઘટાડો નોંધાયો છે. ગોવામાં બેરોજગારીનો દર 8.2 ટકા છે. આ પછી કેરળ અને નાગાલેન્ડ જેવા રાજ્ય આવે છે. જ્યારે કેન્દ્રશાસિત પ્રદેશ લક્ષદ્વીપમાં બેરોજગારીનો દર 11.9 ટકા છે.

# UNSC_INDIA

ચિલીના રાષ્ટ્રપતિ ગેબ્રિયલ બોરિસ ફ્રોન્ટે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં ભારતના કાયમી સભ્યપદની ભલામણ કરી છે. તેમણે કહ્યું કે, વર્તમાન વૈશ્વિક પરિસ્થિતિમાં પરિવર્તન આવ્યું હોવાથી સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં સુધારા માટે એક નિશ્ચિત તારીખ નક્કી થવી જોઈએ. તેમણે કહ્યું કે ભારત, બ્રાઝિલ અને ઓછામાં ઓછા એક આફ્રિકન દેશને પણ સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં સભ્યપદ મળવું જોઈએ. આ સંસ્થાના સુધારામાં માત્ર રાજકીય ઈચ્છાશક્તિનો અભાવ છે.

આ પરિષદમાં કાયમી સભ્યપદ માટે અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ જો બાઇડને ભારતને સમર્થન આપ્યું હતું. તેમણે રવિવારે ડેલવેરમાં ક્વાડ સુરક્ષા સંવાદ સંમેલન દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે દ્વિપક્ષીય મંત્રણામાં આ ઉલ્લેખ કર્યો હતો.

રશિયાએ ફરી એકવાર સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં ભારતના કાયમી સભ્યપદની હિમાયત કરી છે. રશિયાના વિદેશ મંત્રી સર્ગેઈ લવરોવે કહ્યું કે વિકાસશીલ દેશોને આ પરિષદમાં પ્રતિનિધિત્વ મળવું જોઈએ. આ માટે ભારત, બ્રાઝિલ અને આફ્રિકન દેશોને કાયમી સભ્યપદ આપવામાં આવે તે જરૂરી છે.

# MAKE_IN_INDIA_DPIIT

મેક ઈન ઈન્ડિયા પહેલને કારણે દેશમાં ઉત્પાદન, માળખાગત વિકાસ , સંરક્ષણ અને નિકાસ ક્ષેત્રે નોંધપાત્ર સિદ્ધિઓ મળી છે.ઉદ્યોગ અને આંતરિક વેપારના પ્રોત્સાહન માટે વિભાગ-DPIIT મેક ઈન ઈન્ડિયાના સચિવ અમરદીપ સિંહ ભાટિયાએ આ પહેલના દસ વર્ષ પૂરા થવા પર એક પત્રકાર પરિષદને સંબોધતા જણાવ્યું કે, આ પહેલ હેઠળ ઉત્પાદન સાથે જોડાયેલી યોજનાઓ, મૂડી રોકાણમાં સુધારા અને માળખાકીય વિકાસે સ્થાનિક અને વિદેશી રોકાણને આકર્ષિત કર્યું છે.

શ્રી ભાટિયાએ કહ્યું કે, મેક ઇન ઇન્ડિયા પહેલ હેઠળ, સંરક્ષણ ઉત્પાદન નીતિએ આત્મનિર્ભર ભારત હેઠળ સ્થાનિક સંરક્ષણ ઉત્પાદનને પણ પ્રોત્સાહન આપ્યું હતું અને ભારતીય કંપનીઓને અબજો ડોલરના કરાર અપાયા હતા. શ્રી ભાટિયાએ જણાવ્યું હતું કે વિદેશી મૂડીરોકાણમાં ઓટોમોબાઈલ, ટેલિકમ્યુનિકેશન અને દવા ઉદ્યોગમાં સૌથી વધુ વૃદ્ધિ જોવા મળી છે.

## 2030 HIV ABOTION

કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ રાજ્યમંત્રી અનુપ્રિયા પટેલે કહ્યું કે, ‘ભારત વર્ષ 2030 સુધી H.I.V. અને એઇડ્સને નાબૂદ કરવા માટે સંયુક્ત રાષ્ટ્રના ટકાઉ વિકાસ લક્ષ્યને પ્રાપ્ત કરવા પ્રતિબદ્ધ છે. સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના 79મા સત્રમાં એક કાર્યક્રમને સંબોધતાં શ્રીમતી પટેલે એન્ટી રેટ્રોવાઈરલ દવાઓના સૌથી મોટા પૂરવઠાકાર તરીકે ભારતની ભૂમિકાની વાત કહી હતી. ભારત આ શ્રેણીમાં 70 ટકાથી વધુ વૈશ્વિક દવાઓનો પૂરવઠો પૂરો પાડે છે.

શ્રીમતી પટેલે ઉંમેર્યું, વર્ષ 2010 પછીથી વાર્ષિક H.I.V. સંક્રમણમાં 44 ટકાનો ઘટાડો નોંધાયો છે, જે વૈશ્વિક સ્તરે 39 ટકાના ઘટાડા દર કરતા વધુ સારો છે.

## RIJIJU 100 DAYS

લઘુમતી બાબતોના કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજૂએ કહ્યું, 'વક્ફ સુધારા ખરડાની સમીક્ષા કરવા માટે સંસદની સંયુક્ત સંસદીય સમિતિ સંસદનું આગામી શિયાળું સત્રના પહેલા અઠવાડિયામાં પોતાના અહેવાલ રજૂ કરી શકે છે. સમિતિને અત્યાર સુધીમાં એક કરોડથી વધુ સૂચન મળ્યા હોવાનું પણ તેમણે ઉંમેર્યું હતું.'

મોદી સરકારના ત્રીજા કાર્યકાળમાં લઘુમતી કાર્ય મંત્રાલયની 100 દિવસની સિદ્ધિઓ અંગે માધ્યમોને સંબોધન કરતાં શ્રી રિજિજૂએ કહ્યું કે, 'અત્યારે વ્યાપક વિચાર—વિમર્શ ચાલી રહ્યો છે અને સમિતિ વિવિધ સરકારી તેમજ સામાજિક સંગઠનો પાસે વિચાર અને ભલામણ મગાવી રહી છે.'

લઘુમતી સમુદાયોના ઉત્થાન માટેની પહેલ અંગે શ્રી રિજિજૂએ કહ્યું કે, સરકારે નાણાકીય વર્ષ 2024-25 દરમિયાન 2 લાખ 50 હજારથી વધુ લાભાર્થીઓને એક હજાર કરોડ રૂપિયાથી વધુનું ધિરાણ આપ્યું છે. તેમણે ઉમેર્યું કે, 'હજયાત્રિઓ માટે હજ સુવિધા એપ લૉન્ચ કરવામાં આવી છે.'

## CAG-16TH-ASOSAI

દેશના નિયંત્રક મહાલેખા પરીક્ષક એટલે કે CAG ગિરીશચંદ્ર મુર્મૂએ આજે જણાવ્યું કે, CAG અહેવાલ તૈયાર કરવા અને આંકડાઓના વિશ્વલેષણનું સંચાલન કરવા માટે A.I. એટલે કે કૃત્રિમ બુદ્ધિમત્તાની મદદ લેવાશે. 16મી એશિયન ઑર્ગેનાઈઝેશન ઑફ સુપ્રીમ ઑડિટ ઈન્સ્ટિટ્યૂશન્સ (ASOSAI) ખાતે માધ્યમોને સંબોધિત કરતાં CAGએ જણાવ્યું કે, તેઓ વર્ષ 2030 સુધીમાં 500 ગીગાવોટના લક્ષ્ય સુધી પહોંચવા બિનપરંપરાગત ઊર્જાની પહેલ પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે.

આકાશવાણી સમાચાર સાથે વિશેષ વાત કરતા શ્રી મુર્મૂએ જણાવ્યું કે, વિવિધ દેશો દ્વારા ડિજિટલ ઑડિટ અપનાવવામાં આવે છે અને તે નિર્ણાયક સમયમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

ASOSAIની આ આવૃત્તિમાં 42 દેશ અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓનું પ્રતિનિધિત્વ કરતા 200થી વધુ પ્રતિનિધિ ભાગ લઈ રહ્યા છે. CAG એ વર્ષ 2027 સુધી ASOSAI નું અધ્યક્ષપદ પણ સંભાળ્યું છે. તેમની અધ્યક્ષતા અંગે તેમણે જણાવ્યું કે CAG જાહેર ક્ષેત્રના ઑડિટર્સ દ્વારા સામનો કરવામાં આવતા પડકારોનો સામનો કરશે અને ASOSAI ને એક વ્યાવસાયિક પ્રાદેશિક સંસ્થા તરીકે આકાર આપશે.

## BOMBAY-HC

મુંબઈ વડી અદાલતે બદલાપુર દુષ્કર્મ કેસના આરોપી અક્ષય શિંદેના મોતના મામલામાં મહારાષ્ટ્ર પોલીસને ઠપકો આપતા અનેક સવાલો પૂછ્યા છે. અક્ષય શિંદે સોમવારે પોલીસ સાથેની અથડામણમાં માર્યો ગયો હતો. તેના પિતાએ પોલીસના દાવાને પડકારતી અરજી કરી

હતી કે, અક્ષય શિંદેએ પોલીસકર્મી પાસેથી હથિયાર છીનવીને ગોળીબાર માટે ઉશ્કેરણી કરી હતી. વડી અદાલતે કહ્યું છે કે, આ મામલાની નિષ્પક્ષ રીતે તપાસ થવી જોઈએ.

## VICE-PREZ---TRADE-SHOW

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે  ઉત્તર પ્રદેશના ગ્રેટર નોઈડામાં આંતરરાષ્ટ્રીય વ્યાપાર  પ્રદર્શનના  બીજા સત્રનું ઉદ્ઘાટન કરતા ત્યાંનાં સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ ક્ષેત્રના વિકાસની પ્રશંસા કરી.

આ પ્રસંગે સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગમંત્રી  જીતન રામ માંઝી અને ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી  યોગી આદિત્યનાથ પણ હાજર હતા. શ્રી માંઝીએ દેશમાં આ ક્ષેત્ર માટે થઈ રહેલી કામગીરીનો ઉલ્લેખ કર્યો હતો. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કહ્યું કે રાજ્યમાં લગભગ 96 લાખ સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો દેશના આર્થિક વિકાસને પ્રોત્સાહન આપવામાં મહત્વપૂર્ણ યોગદાન આપી રહ્યા છે.

અમારા સંવાદદાતાએ જણાવ્યું કે વિયેતનામ આ કાર્યક્રમમાં ભાગીદાર દેશ છે. આ પાંચ દિવસીય પ્રદર્શનમાં 70 દેશોના 350 પ્રદર્શકો ભાગ લઈ રહ્યા છે.

ગયા વર્ષે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ઉત્તર પ્રદેશના આંતરરાષ્ટ્રીય વ્યાપાર  પ્રદર્શનના પ્રથમ સત્રનું ઉદ્ઘાટન કર્યું હતું.

# ASIATIC LION

કેન્દ્ર સરકારે ગુજરાતમાં સૌરાષ્ટ્રમાં આવેલા ગીરરક્ષિત વિસ્તારના આસપાસના એક લાખ 84 હેક્ટર વિસ્તારને ‘ઇકો સેન્સિટિવ ઝોન’ જાહેર કરવા પ્રાથમિક જાહેરનામું પ્રસિદ્ધ કર્યું છે. આ જાહેરનામા મુજબ અભયારણ્યથી જાહેર થયેલા ઇકો-સેન્સિટિવ ઝોન વિસ્તારનું અંતર બાબતે સૌથી ઓછામાં ઓછું 2.78 કિલોમીટર અને વધુમાં વધુ 9.50 કિલોમીટર રાખવામાં આવ્યું છે તેમ ગુજરાતના વન અને પર્યાવરણ મંત્રી મુળૂભાઈ બેરાએ જણાવ્યું હતું.

શ્રી બેરાએ ઉંમેર્યું, ‘આ ઇકો-સેન્સિટિવ ઝોનમાં કુલ 17 નદીઓના રિવર કોરીડોર અને સિંહોના અવરજવર વાળા ચાર મહત્વના કોરિડોરને આવરી લેવાશે. આ વિસ્તારનો ઇકો-સેન્સિટિવ ઝોનમાં સમાવેશ થવાથી આ વિસ્તારમાં વિહરતા સિંહ પરિવારોને વિશેષ રક્ષણની સાથે અન્ય ટકાઉ વિકાસલક્ષી પ્રવૃત્તિઓને વધુ વેગ મળશે

# TEST-BATTING_RANKING

ICC ટેસ્ટ રેન્કિંગમાં ભારતીય ક્રિકેટર રિષભ પંતનો ટોપ 10 બેટ્સમેનમાં સમાવેશ થયો છે. રિષભ પંતે રેન્કિંગમાં છઠ્ઠું સ્થાન મેળવ્યું છે. ટેસ્ટમાં શાનદાર રીતે પરત આવીને રિષભ પંતે બાંગ્લાદેશ સામેની શ્રેણીની પ્રથમ ટેસ્ટ મેચમાં 109 રન બનાવ્યા હતા. જ્યારે ટેસ્ટ રેન્કિંગમાં ભારતીય

ક્રિકેટર યશસ્વી જયસ્વાલ પાંચમા, રોહિત શર્મા 10મા અને વિરાટ કોહલી 12મા સ્થાને છે.

બોલિંગમાં રવિચંદ્રન અશ્વિન પ્રથમ સ્થાને છે. જ્યારે જસપ્રીત બુમરાહ બીજા સ્થાને અને રવિન્દ્ર જાડેજા છઠ્ઠા સ્થાને છે.